ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

**ક્રમાંક : પરીક્ષા/4-અ/૭૯૧૯/૨૦૨૧** **તા: ૧૩/૦૫/૨૦૨૧**

**પરિપત્ર ક્રમાંક : ૭૩**

**વિષય : ઓનલાઈન પરીક્ષા માટે વિકલ્પ પસંદગી અંગે**

1. નીચે દર્શાવેલ ઓફલાઈન પરીક્ષાના બદલે ઓનલાઈન પરીક્ષાઓ આપવા માટે આ વિકલ્પ માંગવામાં આવે છે.

| પરીક્ષા | સેમેસ્ટર |
|---|---|
| બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ | ૬ અને ૧ |
| બીએડ, એમએ, એમકોમ, એમએડ | ૪ |
| બીએડ | ૧ |

2. **જો વિદ્યાર્થી ઓનલાઈન પરીક્ષા આપવા માંગતા હોય તોજ વિકલ્પ પસંદ કરવાનો રહેશે.**
3. **ઓનલાઈન પરીક્ષામાં બેસવા માટે તમારી પાસે નીચે આપેલામાંથી કોઈ પણ એક ડિવાઈસનો ઉપયોગ કરી શકશો.**

   **ફ્રન્ટ કેમેરા સાથેનો સ્માર્ટફોન (iOS કરતાં એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરવો હિતાવહ છે)**
   અથવા વેબકેમ સાથેનું લેપટોપ
   અથવા વેબકેમ સાથેનું ડેસ્કટોપ
4. વિદ્યાર્થી https://register.guexams.com ઉપર પોતાનો એનરોલમેન્ટ નંબરથી ઓનલાઈન પરીક્ષા માટે વિકલ્પ પસંદ કરી શકશે.
5. **જે વિદ્યાર્થીઓએ અગાઉ બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ અને બીએડ સેમેસ્ટર ૧ની ઓનલાઈન પરીક્ષા આપવા વિકલ્પ પસંદગી કરેલ નથી, તેવા વિદ્યાર્થીઓ માટે ફરી એકવાર ઓનલાઈન પરીક્ષા આપવા વિકલ્પ પસંદગી આપવામાં આવે છે.**
6. **જે વિદ્યાર્થીએ અગાઉ ઓનલાઈન પરીક્ષા આપવા વિકલ્પ પસંદગી કરેલ છે તેમને ફરીથી આ પસંદગી કરવાની રહેતી નથી.**
7. તારીખ ૩૦/૦૪/૨૦૨૧થી લેવાયેલ ઓનલાઈન બીકોમ, બીબીએ અને બીસીએ સેમેસ્ટર ૧ની પરીક્ષામાં જો કોઈપણ કારણોસર વિદ્યાર્થીએ પરીક્ષા આપી શક્યા નથી તો (ગેરહાજર હશે તો જ) તેવા રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓ માત્ર જે-તે પેપરની પરીક્ષા આપી શકશે.
8. ઓનલાઈન પરીક્ષા બહુ વિકલ્પી પ્રશ્નો (MCQ) આધારિત રહેશે. આપેલા જવાબોના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
9. ઓનલાઈન પરીક્ષા વધુમાં વધુ ૫૦ ગુણની હશે. આ પરીક્ષામાં મેળવેલ ગુણ ઉપરથી પ્રમાણિત કરીને ૭૦માંથી પ્રાપ્ત ગુણની ગણતરી કરવામાં આવશે.
10. ઓનલાઈન પરીક્ષામાં MCQની સંખ્યા અને કૂલ ગુણ નીચે મુજબ રહેશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

| પ્રશ્નોની કૂલ સંખ્યા | આપવાના થતાં જવાબો | પ્રતિ પ્રશ્ન ગુણ | કૂલ ગુણ | સમય | કુલ સમય |
|---|---|---|---|---|---|
| ૫૦ | ૫૦ | ૦૧ | ૫૦ | ૦૧ મિનીટ પ્રતિ પ્રશ્ન | ૫૦ મિનિટ |

11. ખોટા જવાબ માટે નેગેટીવ માર્ક્સ નથી.
12. ઉમેદવારને પ્રત્યેક પ્રશ્ન માટે વધુમાં વધુ ૦૧ મિનિટ ફાળવવામાં આવશે. ૦૧ મિનિટ પછી આપોઆપ પ્રશ્ન દેખાતો બંધ થઈ જશે અને ઉમેદવાર એ પ્રશ્નનો ઉત્તર નહીં આપી શકે. સમય પૂર્ણ થયે વિદ્યાર્થીએ આપેલ જવાબો આપોઆપ સેવ થઈ જાય છે.
13. વિદ્યાર્થી https://register.guexams.com ઉપર પોતાનો એનરોલમેન્ટ નંબરથી ઓનલાઈન પરીક્ષા માટે વિકલ્પ પસંદ કરી શકશે.
14. ત્યારબાદ ઈ-મેલ અને મોબાઈલ નંબર માંગવામાં આવશે. મોબાઈલ ઉપર એક OTP આવશે. આ OTP વેરીફાય કર્યા બાદ ઓનલાઈન પરીક્ષા માટે આપની વિગતો દર્શાવવામાં આવશે.
15. જેમાં ઉમેદવારને તેમનું નામ, એનરોલમેંટ નંબર, આપવાની થતી પરીક્ષા જેવી વિગતો દર્શાવવામાં આવશે. ઓનલાઈન પરીક્ષા માટે દર્શાવેલ આપની વિગતો માટે I Agreeનું બટન અને સબમિટ ક્લિક કરવાનું રહેશે. આ વિગતોમાં જો કોઈ વિસંગતતા જણાય તો આપના **નામ, એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર** અને વિસંગતતા જણાવતો ઇ-મેલ help@guexams.com ઉપર તુરંત મોકલી આપવો અને યુનિવર્સિટી હેલ્પ લાઇન નંબરનો (૦૭૯-૨૬૩૦૮૫૬૫) સંપર્ક કરો.
16. પછી ઓનલાઈન પરીક્ષા માટે આપની નોંધણી સફળતાપૂર્વક થયા હોવાનો એક મેસેજ મોબાઈલ અને ઈ-મેલ **(આપના ઈનબોક્સ ઉપરાંત જન્ક/સ્પામ મેલ પણ જરૂર ચેક કરવા)** ઉપર મોકવામાં આવશે.
17. નોંધાવેલ ઈ-મેલ તથા મોબાઈલ નંબરનો ઉપયોગ ઓનલાઈન પરીક્ષા માટે કરવામાં આવશે, તેથી ચોકસાઈથી પોતાના જ મોબાઈલ નંબર તથા ઈ-મેલ દાખલ કરવા અંગે તકેદારી રાખવી. એક ઇ-મેલ અને મોબાઈલ નંબરનો ઉપયોગ એક થી વધુ વિદ્યાર્થી કરી શકશે નહીં.
18. **એકવાર પસંદગી આપ્યા બાદ પસંદગી બદલી શકાશે નહીં.**
19. આ પસંદગી **૨૧ મે ૨૦૨૧** સુધીમાં આપી દેવાની રહેશે. જેમણે આ પસંદગી આપેલ નથી તેમની ઓફલાઈન પરીક્ષા પરિસ્થિતી સાનુકૂળ થયા બાદ લેવામાં આવશે. **વર્તમાન પરિસ્થિતિ જોતા ઓનલાઈન પરીક્ષાઓ પૂર્ણ થયે પરીક્ષાનું પરિણામ પહેલું જાહેર કરવામાં આવશે તેથી ઓનલાઈન પરીક્ષા આપવી હિતાવહ છે.**
20. ગુજરાત યુનિવર્સિટીની આ ઓનલાઈન પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર હવે પછી જાહેર કરવામાં આવશે.
21. અંતિમ પરીક્ષા પહેલાં ઓનલાઈન પરીક્ષાના મહાવરા માટે સામાન્ય જ્ઞાનના માત્ર ૧૦ પ્રશ્નો ધરાવતી ટ્રાયલ ટેસ્ટ લેવામાં આવશે. આ ટ્રાયલ ટેસ્ટ વિદ્યાર્થી દિવસ દરમ્યાન એકથી વધુ વાર કોઈપણ સમયે આપી શકશે.
22. **તદુપરાંત એક મૉક ટેસ્ટ લેવામાં આવશે. આ મૉક ટેસ્ટ આપવી ફરજીયાત છે. મૉક ટેસ્ટ આપી ન હોય તે વિદ્યાર્થી અંતિમ ઓનલાઈન પરીક્ષા આપી શકશે નહીં. ટ્રાયલ અને મૉક ટેસ્ટનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.**

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**ગુજરાત યુનિવર્સિટી**
**GUJARAT UNIVERSITY**
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

**અન્ય સામાન્ય સૂચનાઓ**

**વિદ્યાર્થી એ પરીક્ષા ચાલુ થવાના ૨૦ મિનિટ પહેલા લૉગિન કરી દેવાનું રહેશે. પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ નિયત સમયે શરૂ અને પૂર્ણ થશે, મોડા લૉગિન થનારને વધારાનો સમય મળશે નહીં.** સમય પૂર્ણ થયે વિદ્યાર્થીએ આપેલ જવાબો આપોઆપ સેવ થઈ જાય છે.

23. **વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પાઠ્યપુસ્તક (ટેક્સ્ટબુક) કે બહારના કોઈ પણ સ્રોત દ્વારા મેળવેલી કોર્સ નોટનો ઉપયોગ નહીં કરી શકે. વધુમાં ઉમેદવારોની તસવીરનું સિસ્ટમ દ્વારા રેકોર્ડિંગ થાય છે. એ બાબત ઉમેદવારે ધ્યાનમાં રાખવાની રહેશે. આથી, પરીક્ષા દરમિયાન પોતાની જગ્યા ન છોડવા ઉમેદવારોને સ્પષ્ટપણે સૂચના આપવામાં આવે છે. આ પ્રકારની કોઈ પણ વર્તણૂકને તાત્કાલિક અસરથી ગેરવર્તન તરીકે રેકોર્ડ કરવામાં આવશે અને પરીક્ષા સ્થગિત કરવામાં આવશે.**
24. **પરીક્ષા દરમિયાન જો કોઈ પણ ઉમેદવાર કોઈ ફોન કૉલ કે અન્ય કોઈ નોટિફિકેશન રીસીવ / એક્સેપ્ટ કરશે તો તેને ગેરવર્તણૂક ગણવામાં આવશે.**
25. **ફાળવાયેલી સમયમર્યાદામાં વિદ્યાર્થીએ પરીક્ષા પૂરી કરવાની રહેશે.**
26. **અગાઉ મુદ્દા ૧૯માં જણાવ્યા પ્રમાણે વર્તમાન પરિસ્થિતિ જોતા ઓનલાઈન પરીક્ષા આપવી હિતાવહ છે.**
27. ટ્રાયલ ટેસ્ટ/મોક ટેસ્ટ દરમ્યાન જો કોઈ મુશ્કેલી જણાય તો આપના નામ, એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર અને મુશ્કેલી જણાવતો ઈ-મેલ help@guexams.com ઉપર તુરંત મોકલી આપવો અને યુનિવર્સિટી હેલ્પ લાઈન નંબરનો (૦૭૯-૨૬૩૦૮૫૬૫) સંપર્ક કરો જેથી મુખ્ય ઓનલાઈન પરીક્ષા સરળતાથી આપી શકાય.
28. જે ડિવાઈસથી રજીસ્ટ્રેશન કરેલ છે, તેજ ડિવાઇસથી પરીક્ષા આપવી જરૂરી નથી. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ મુદ્દા ક્રમાંક ૩ પૈકી કોઈપણ ડિવાઈસથી પરીક્ષા આપી શકાય.

પરીક્ષા નિયામક